CITY pulse

email: citypulse@gujaratmitra.in


ગુજરાતમિત્ર

શુક્રવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૬

મજજેની LIFE

## સુરતીઓના ફેવરિટ ફેસ્ટિવલ ઉત્તરાયણની 50 વર્ષમાં બદલાયેલી રંગત

# આ સ્ટાઈલીશ પ્રોટેક્ટિવ અસેસરિઝ ઉતરાણની મજા બગડતાં અટકાવશે



સુરતીઓ અત્યારે ઉત્તરાયણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે અને જુવે જ ને કેમકે પતંગ ફેસ્ટિવલ સુરતીઓનો ફેવરિટ ફેસ્ટિવલ રહ્યો છે. ઘણા સુરતીઓને પતંગ ઉડાવવાનો જબરો શોખ છે. જેઓ સુરત છોડીને બીજે શિફ્ટ થયા છે તેઓ પણ પતંગો ઉડાવવા સુરત પહોંચી જતા હોય છે. સુરતીઓનો પતંગ ઉડાવવાનો શોખ આજકાલનો નથી. એ તો વર્ષો જૂનો છે. અત્યારે તો સિટીમાં ઊંચી ઊંચી બિલ્ડીંગો બની ગઈ છે. તેની ટેરેસ પર સુરતીઓ સવારથી પતંગ ઉડાવવા ચઢી જતાં હોય છે પણ એક સમયે આટલી ઊંચી બિલ્ડીંગો સુરતમાં નહીં હતી ત્યારે છાપરા પર ચઢીને પતંગ ઉડાવવાની મજા લેવાતી. એક સમયે તો ઉત્તરાયણ પર્વ પર સુરતમાં પતંગો અને પતંગો જ દેખાતા હવે તો એવું પણ થાય છે કે બે-ત્રણ દિવસની રજા આવી જાય એટલે સુરતીઓ ફરવા નીકળી જાય છે. સુરતના સિનિયર સિટીઝન્સે વર્ષો પહેલા ઉત્તરાયણનો જે માહોલ જોયો હતો તેનો રંગ હવે તેમને બદલાયેલો લાગે છે. પહેલા તો દિવાળી પતે એટલે માંજો ઘસવાની શરૂઆત થઈ જતી. ડિસેમ્બરના મધ્યથી તો સુરતના આકાશમાં પતંગો ઉડતા જોવા મળતા. ઉત્તરાયણના બે-ત્રણ દિવસ પહેલાથી સુરતની શેરીઓ અને મોહલ્લામાંથી તલના લાડુ, ચીક્કી ઘરમાં બનવાની શરૂઆત થતી તેની સુગંધ આવતી. સિનિયર સિટીઝન્સ પાસેથી જાણીએ કે પહેલા પતંગોનો માહોલ કેવો હતો અને હવે તેમાં શું બદલાવ જોવા મળે છે.



### પહેલા ટેરેસ ઓછા હતા લોકો છાપરા પર ચઢીને પતંગ ઉડાવતા

અત્યારે તો ઊંચી ઊંચી બિલ્ડીંગો બની ગઈ છે. એની ટેરેસ પર જ સુરતીઓ પતંગ ઉડાવતા દેખાય છે. 40-45 વર્ષ પહેલાં ઊંચી બિલ્ડીંગો તો વધારે નહીં હતી તો લોકો છાપરા પર ચઢીને પતંગ ઉડાવતા. ત્યારે જે માહોલ હતો પતંગ ઉડાવવાનો તે હવે નથી દેખાતો એવું સિનિયર સિટીઝન્સનું કહેવું છે. અત્યારે તો લોકો આઠ-સાડા આઠ પછી પતંગ ઉડાવવા જાય છે. એ સમયે પતંગ ઉડાવવાનો લોકોને બહુ ક્રેઝ હતો. સવારના ચાર પહેલા તો છાપરે પતંગ ઉડાવવા ચઢી જતાં.



### ઊંધીયુ સાથે મલાઈ ખવાતી, 10 દિવસ પહેલા મલાઈ માટે ડેરીમાં ડબ્બા મૂકી જતા

અત્યારે ઉત્તરાયણ પર તલ અને સિંગદાણાના લાડુ ચીક્કી, ઊંધીયુ, જલેબી, ઉબાડીયુ, પુરી ખવાય છે. એ સમયે અડદ અને ચોળાની દાળના ભજીયા ઘરમાં બનાવતા. ઊંધીયુ સાથે મલાઈ ખવાતી. આ મલાઈના ઓર્ડર 10 દિવસ પહેલા ડેરીમાં અપાઈ જતા. ઓર્ડર આપવો એટલે અઠવાડિયા કે 10 દિવસ પહેલા ડેરીમાં લોકો પોતાના ડબ્બા મૂકી જતા. જેની પર નામ અને કેટલી મલાઈ જોઈએ તે લખાતું. હવે ફિટનેસ ટ્રીક તો ઉત્તરાયણ પર મલાઈ ખાવાનું ચલણ ઓછું થઈ ગયું છે. પહેલાના સમયમાં નાનું બાળક જલ્દી બોલતું થાય તે માટે ઉત્તરાયણ પર બોર લૂંટાવાની બાધા લેવાતી.



### દિવાળી જાય એટલે માંજો ઘસાવાનું શરૂ થતું, તૂટેલા પતંગ પકડવાનો ક્રેઝ

પહેલાંના સમયમાં દિવાળીનું વેકેશન શરૂ થાય એટલે છોકરાઓ ફટાકડા ફોડવા પહેલાં પતંગ ઉડાવવા જતાં. દિવાળી જાય એટલે ભાગળ અને ડબગરવાડમાં માંજો ઘસાવાનું શરૂ થતું. હાથથી માંજો ઘસાતો એવો માહોલ હવે નથી જોવા મળતો હવે દોરી મશીન પર ઘસાઈ જાય છે. પહેલાં મોહલ્લાના છોકરાઓ પોતાના પતંગ માટે દોરી જાતે ઘસતા હતાં. પહેલાંના સમયમાં વાંસ જેની પર કાંટા હોય તે ઝંડુ લઈને તુટેલા પતંગ પકડવા રસ્તા પર દોડતા. તે વખતે આવા લોકો સામે પોલીસ લાલ આંખ બતાવતી એટલે પોલીસ દેખાય એટલે આ લોકો ભાગી જતાં.



### મિત્રો સાથે સાયકલ પર રાંદેર પતંગ ખરીદવા જતા

66 વર્ષના ધનેશ રાણાએ જણાવ્યું કે રાંદેર મોટું પતંગ બજાર હતું ત્યારે મિત્રો સાથે સાયકલ પર પતંગ ખરીદવા ત્યાં જતાં. તેઓ ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં જોબ કરતા ત્યારે ઉત્તરાયણના એક મહિના પહેલાથી ઓફિસેથી 5 વાગે ઘરે પહોંચી જતા અને પતંગો ઉડાવવા ધાબા પર ચઢી જતા. ઉત્તરાયણના બે દિવસ પહેલા 8થી 10 મિત્રો પોત પોતાના પતંગ લઈ આવતા અને એકબીજાના પતંગની કિન્ના બાંધવાનો પ્રોગ્રામ ચાલતો. બે દિવસમાં 1000-1200 પતંગને કિન્ના બાંધી દેતાં. કિન્ના બાંધવામાં કલાકો વીતી જતાં એટલે ચા-નાસ્તાનો પ્રોગ્રામ પણ થતો. હાથની આંગળીઓમાં ઈજા નહીં થાય તે માટે ફિંગર્સ પર ખોલી પહેરતા જે રેક્ઝીનની બનતી. તેની પર ડૉક્ટર યુઝ કરે તે બેન્ડેજ પટ્ટી એક આંગળી પર ત્રણ-ત્રણ બંધતા.



### મુંબઈ, મદ્રાસ, બેંગ્લોરથી લોકો પતંગ ઉડાવવા સુરત આવતા

78 વર્ષના બાબુભાઈ રાણાએ જણાવ્યું પહેલા તો હું એક દિવસમાં 50-60 પતંગ ઉડાવતો. હવે તો પતંગ ઓછા ઉડાવું પણ ધાબા પર બેસી પતંગ ઉડતા જોવું ત્યારે મને પહેલાના સમયમાં ઉત્તરાયણની જે રોનક હતી એ યાદ આવી જાય. એ સમયે તો અઠવાડિયા પહેલા ઉત્તરાયણનો માહોલ જામી જતો. સુરતમાં જરીનો ઉદ્યોગ એટલે બેંગ્લોર, મદ્રાસના વેપારીઓ સુરત વેપાર માટે આવતા. તેઓને ઉતરાયણનું ખાસ આકર્ષણ રહેતું. મુંબઈથી પણ લોકો આવતા. અહીંની ફીરકી અને પતંગો મુંબઈ સુધી જતાં કેમકે ત્યાં એ સમયે સુરત જેવો પતંગોનો માહોલ નહીં હતો. જોબ પરથી 2 દિવસની રજા ખાસ પતંગ ઉડાવવા લેતાં. એ સમયે સુરતમાં બરેલીથી પણ પતંગ આવતા. પહેલા તૂટેલા પતંગ પકડવાની જે મજા હતી તે હવે તો ખોવાઈ ગઈ છે. પહેલા ઘણા દિવસો સુધી ઉત્તરાયણનો માહોલ રહેતો હવે તો ઉત્તરાયણ એક દિવસની થઈ ગઈ છે.

### 1972માં 5 પૈસામાં પતંગ મળતો

આજથી 52 વર્ષ પહેલાં 1972-73માં એક પતંગ 5 રૂપિયામાં મળી જતો. જોકે, એ સમયે 5 પૈસામાં પણ પતંગ મોંઘો લાગતો. હવે એ જ પતંગ 5 કે 10 રૂપિયામાં મળે છે. એ સમયે બાળકોને કપાયેલા પતંગો પકડવાની મજા આવતી. 15 દિવસ તો પતંગો લૂંટવાની જ મજા લેતા. કપાયેલા પતંગ પકડીને ભેગા કરતા. આવા પતંગોની થપ્પી થઈ જાય એટલે તે વેચીને જે પૈસા આવે તેનાથી દોરી ઘસાવતા હતા. ગોપીપુરા મિડલ સ્કૂલ પાસે બે-ત્રણ જાણીતા દોરી ઘસવાવાળા હતાં. ભાગળ ચાર રસ્તા પાસે પણ દોરી ઘસાતી. ડબગરવાડ પતંગ અને દોરી ઘસવા માટે બંને માટે ફેમસ હતું, તો રાંદેર પતંગો પ્રખ્યાત હતું. ત્યાં હાથે બનાવેલા પતંગો મળતા. એ રોનક હવે તો ફિકી પડી ગઈ છે.



### ચિલ, બગલું, આંખદાર, કાગડી એવા પતંગના નામ હતા

અત્યારે તો પતંગોમાં ઘણું નવું આવ્યું છે. લાઈટવાળા પતંગ, બાળકો માટે કાર્ટૂન કેરેક્ટરના પતંગ, પણ વર્ષો પહેલા ચિલ પતંગ વધારે ઉડાવવામાં આવતા હતા તેને આપણે આપણી મરજી પ્રમાણેના ડાયરેક્શનમાં ફેરવી શકતા એટલે તે વધારે પસંદ કરાતા. આ ઉપરાંત પહેલા રંગીન પતંગને પીળી, બગલું, ભુરી કહેતા. તો ભાતવાળા પતંગને આંખદાર (તેમાં પતંગ વચ્ચે કાળી બે આંખો રહેતી), કાગડી, ગીલંદર, અસ્ત્રીદાર પતંગ કહેતા. ફુમતાવાળા પતંગને ફુમતેદાર, પૂંછડીવાળા પતંગને પૂંછડેદાર અને પાંચ પતંગના ઝૂંડને પંજો તેમજ વીસ પતંગોના જથ્થાને કુડી અથવા કોડી કહેતા. આ શબ્દો હજી ચલણમાં છે પણ બહુ પ્રચલિત નથી રહ્યું

સુરતીઓ ઉત્સવપ્રિય છે. પતંગો ઉડાવવાનો પણ તેમને જબરો શોખ છે. સવારે ધાબે ચઢે પછી રાત્રે જ ધાબા પરથી ઉતરે ત્યાં સુધી પતંગોની દુનિયામાં ખોવાઈ જાય. જોકે, આખો દિવસ હાથમાં ધારદાર દોરીથી આંગળીઓ કપાવવાનો કે પછી આકરો તડકો આંખોને નુકસાન કરી શકે. જો બહાર જવાનું થાય તો ગળામાં દોરી ભેરવવાનો ડર રહે. પતંગ ઉડાવતી છોકરીને તેના વાળ તડકામાં ખરાબ નહીં થાય તેની પણ ચિંતા હોય. તેવામાં કાઈટ ફેસ્ટિવલ દરમિયાન પ્રોટેકટિવ કઈ એસેસરીઝનો અત્યારે બજારમાં ટ્રેન્ડ છે તે આપણે જાણીએ...

## આ પ્રોટેકટિવે એસેસરિઝ છે સ્ટાઈલિશ પતંગો ઉડાવવાની મજા વધારશે

CREATIVE માઈન્ડ્સ

### કલરફુલ ફિંગર પ્રોટેક્ટર ધારદાર દોરીથી આંગળીને બચાવે



બીજાની પતંગ કાપવા માટે હવે તો ધારદાર દોરાવાળી ફીરકી બધાને જોઈતી હોય છે પણ આવા દોરાથી હાથના આંગળા કપાવાની ભીતિ પણ હોય. આવી ઇજાથી બચવા હવે પતંગ રસિકો કલરફુલ ફિંગર પ્રોટેક્ટર લેવાનું પસંદ કરવા લાગ્યા છે. તે સિલિકોન, રબર કે જેલની બનેલી એક કેપ હોય છે, જે આંગળીઓ પર ફિટ થઈ જાય છે. તે ઓરેન્જ, બ્લેક અને વ્હાઇટ કલરમાં મળે છે. પતંગ રસિકો પતંગ અને ફીરકી ખરીદવા સાથે તેની ખરીદી પણ જથ્થામાં કરી રહ્યાં છે.

### પાવર લેન્સ સનગ્લાસિસ ફેશન સાથે સુરક્ષાનું રાખે છે ધ્યાન



મોબાઈલ ફોનના સતત ઉપયોગને કારણે લોકોની આંખોને નુકસાન થવા લાગ્યું છે. હવે એવામાં આકરા તડકાથી આંખોને પ્રોટેક્શન આપે તેવા પાવર વાળા સનગ્લાસિસ ટ્રેન્ડમાં આવ્યા છે, જેનાથી પતંગ ઉડાવતી વખતે તમે કૂલ અને સ્ટાઈલિશ દેખાશો. તે UV પ્રોટેક્શન, એન્ટી ગ્લેર અને ફોટોક્રોમિક લેન્સ ટેક્નોલોજી સાથે ઉપલબ્ધ છે. તેનાથી તડકો, અલ્ટ્રાવાયોલેટ કિરણો અને રીફ્લેક્ટેડ લાઈટથી બચી શકાય છે.

### ફ્લોરલ પ્રિન્ટેડ સનકેપ હોય છે સ્ટાઈલિશ, યુવતીઓ લાગે છે સ્માર્ટ



હવે તો પતંગ ઉડાવવામાં સુરતી યુવતીઓ પણ મોખરે રહે છે, પણ તેમને તડકાથી પોતાના વાળને નુકસાન નહીં થાય તેની ચિંતા હોય છે. તેમના માટે હવે ફ્લોરલ પ્રિન્ટેડ સનહેટ ટ્રેન્ડિંગ બની છે. તે તડકાથી માથાને બચાવે છે સાથે તે માથે પહેરતા યુવતીઓ વધારે સ્માર્ટ અને સ્ટાઈલિશ લાગે છે.

### કાઈટ સ્ટ્રીન્ગ ગાર્ડ વાહન ચાલકોને રાખે છે સુરક્ષિત

ઉત્તરાયણના મહિના પહેલા જ ટૂ વ્હીલર ચાલક મેટલ રોડ કે પતંગની ધારદાર દોરીથી ગળાને સુરક્ષિત રાખનાર સ્ટ્રીન્ગ ગાર્ડ ખરીદવા બજારોમાં પહોંચી જાય છે. જ્યારે વાહન બ્રિજ પર ચલાવવાનું હોય ત્યારે દોરીથી ગળું નહીં કપાય તેનું બહુ ધ્યાન રાખવું પડતું હોય છે. વાહન પર લગાવવાના આવા સળિયાની અત્યારે વાહન ચાલકોમાં ડિમાન્ડ ઘણી છે. આ ઉપરાંત ડોક્ટર ટેપ, હેન્ડ પ્રોટેક્શન ગ્લવ્ઝ પણ બજારમાં જોવા મળી રહ્યા છે.





### વાહન ચાલકોનું ગળું કપાતા બચાવે છે નેક શિલ્ડ

ઉત્તરાયણના દિવસે પતંગ ઉડવાના જ પણ આ દિવસે પણ ઘરના કે ધંધાના કોઈ અરજન્ટ કામે ઘરની બહાર નીકળવું પડે ત્યારે કોઈ ધારદાર દોરીથી ગળું નહીં કપાય તેની ચિંતા દરેક ટૂ વ્હીલર ચાલકને હોય છે. તો તેમના માટે હવે નેક શિલ્ડ આવ્યા છે જે ગળે બાંધો એટલે ગળા ફરતે દોરી આવી જાય તો પણ ઇજાથી બચી શકાય છે. હેલ્મેટ પહેર્યા બાદ આ નેક શિલ્ડ પહેરવાનું રહે છે. અત્યારે પતંગ રસિકો આવા નેક શિલ્ડ ઓનલાઈન ખરીદી રહ્યાં છે.